શ્રી ક્ષેત્ર

નાસીક પંચવટી.

તપોવન વર્ણન

અને

શ્રી કપિલ મહામુની માહાત્મ

[illegible]

રચનાર

શ્રીધર નારાયણ મહાશબ્દે

[illegible]

શ્રી ક્ષેત્ર નાસીક

[illegible]

ઈ૦ [illegible]

વિદ્યા ભૂષણ [illegible] છાપ૦ નાસીક

શ્રી ગંગા રઘુવીર પ્રસન્ન

શ્રીક્ષેત્ર નાશીક-પંચવટી-તપોવન વર્ણન.

અને

શ્રી કપિલ મહામુનિ માહાત્મ્ય

ઈતીહાસની દૃષ્ટીથી જોતા ઈસવી સનના પેહેલા આસરે બસો વરસથી એ સ્થળનો દાખલો મળે છે તે વખતે આ ઠેકાણે બૌદ્ધ લોકોની હુકમત ચાલતી ઈ. સ ૫ ના અરસામા વરાહમિહિર નામનો* એક પ્રખ્યાત જ્યોતિષ થઈ ગયો, તેના ગ્રંથમા નાસીકનું નામ છે ૧૧-૧૨ ના શતકમા જૈન લોકોનો ઉદય અહીઆ થયાનુ જણાય છે જીનપ્રભાસુરી નામના જૈન પંડિતે તીર્થયાત્રાના વર્ણનો લખ્યા છે, તેમાં એક ઠેકાણે આ ક્ષેત્રસબંધી વર્ણન આવેલુ છે. તેમા લખેલુ છે કે જૈન લોકોનો ૮ આઠમો તિર્થંકર ચદ્રપ્રભાસ્વામી તેનુ 'કુતીવિહાર' એક દેવળ આહીયાં હતુ. જૈન લોકો પછી ચાલુક્ય અને 'રાઠોડ વંશના ક્ષત્રિય રાજાઓનો અહીંયા અમલ હતો ચૌદમા 'શતકમા' દીલ્લીના બાદશાહનો સુબેદાર જે દૌલતાબાદમા રેહેતો, તેના તાબામા આ ક્ષેત્ર ગયું. ત્યારપછી આસરે બસો વરસોસુધી આ મુલક મ્લેચ્છ રાજાઓના તાબામાં હતો. આ શેહેરનું નામ 'ગુલશનાબાદ' તે વખતથી પડેલું છે સતરમા શતકથી મરેઠાઓનો અને તેપછી પેશવાઓનો અમલ ત્યાં શરૂ થયો. દેવળો, નદીના ઘાટ, કુડ અને આશ્રમો એ ઠેકાણે તે વખતથી બધાવ્યા, હાલમાં આ સ્થળને જે હિંદુ ક્ષેત્રનુ સ્વરૂપ આવેલું છે, તેમજ

આહીંયાં જે ઘણા જુના વાડાઓ અને સુંદર ઈમારતો છે, તે બધું પેશવાઓની કારકીર્દીથી થએલું છે. મોટા પેશવા માધવરાવ એઓની કારકીર્દીમા આ શહેર ઘણી આબાદીમાં હતું. પેશવાઓ પછી નામદાર અંગ્રેજ સરકારનો બાવટો આ ક્ષેત્રઉપર ઇ સ. ૧૮૧૮ ના એપ્રીલ માસના ૧૯ મી તારીખે શોભવા લાગ્યો. કપ્તાન બ્રીગ નામના એક સીવીલ કમીશનર હતા તેઓએ આ ક્ષેત્ર કબજે લીધું. લોકવાર્તા એવી છે કે તે ઠેકાણે અંગ્રેજોને ૭૬ લાખનુ જવાહીરાત અને ૧૨ હજારની ચાંદીની વસ્તુઓ પેશવાતરફની મળી

ઈ૦ સ૦ ૧૮૭૦ થી નાશીક એ જીલ્હાનું મુખ્ય ઠેકાણું (જીલ્હો) થએલુ છે નાશીક જીલ્હાનું ક્ષેત્રમૂળ ૫૯૪૦ ચોરસ મૈલ છતા લોકસંખ્યા ૮૧૨૨૧૪ છે. આ જીલ્હામા કુલ ૧૬૯૬ ગામો છતા તેમાંથી ૧૮૫ ગામો ઇનામી છે નાશીક જીલ્હાના ૧૨ તાલુકાઓ કોઇ વસુલ ૧૫ લાખનું છે નાશીકની હવા સાધારણઉત્ત થ ડ છે. એ શહરના ઉતર અક્ષાંશ ૧૯ અને પૂર્વ રેખાંશ ૭૩ છે સમુદ્રની સપાટીથી આસરે બે હજાર ફુટ ઉંચુ નાશીક શહેર છે. અહીનુ હવામાન (ટેંપરેચર) હમેશા ૭૪ રહે છે. જ્યારે તે વધી જાય છે ત્યારે ૮૯ અને ઓછુ થાય ત્યારે ૪૮ હોય છે અંહીયા વરસાદ વધારે એટલે ૫૬ ઈંચ પડે છે, અને ઓછો પડે તો ૧૮ ઈંચ હોય છે એટલે સરાસરીનું પ્રમાણ ૨૯-૩૦ ઇંચનું છે. નાશીકને પોહોચવા માટે નજીકનુ રેલવે સ્ટેશન છે તેને 'નાશીક' એ નામ આપેલું છતા રેલવે સ્ટેશનથી ૫ માઈલ છે શહરમાંથી સ્ટેશન સુધી જવા માટે જે મોટી સડક છે તેજ સડક આગળ જઈ સીન્નર સંગમનેર તરફથી પુના સુધી ગએલા છે મુંબઇથી આગ્રા સુધી જનારી સડક પણ એજ ક્ષેત્રમાથી થઈ આગળ ગએલી છે ત્રિજો 'ત્રિબક રસ્તો' જે ઘણો સારો છતા ત્રિબક સુધી ગયેલો છે. અને તે ૧૯ માઈલ છે. આ રસ્તો અને આગ્રા રોડને સુંદરનારાયણ પાસે નાસીક પંચવટીને જોડનારો 'વિક્ટોરીયા બ્રીજ' જે સન ૧૮૯૭ ની સાલમાં તયાર થયો, આ બે ઘણી સોઇની અને સુખની બાબતો કરાવવાનુ શ્રેય સ્વર્ગવાસી રા. બા કાશીનાથ મહાદેવ થત્તે એમને છે. અહીના મ્યુનીસીપાલીટીની સ્થાપના પ્રથમ સન ૧૮૬૪ માં થઈ અને ઈ. સ. ૧૮૭૪ થી તેણીને સીટી મ્યુનીસીપાલીટીનું સ્વરૂપ આપેલું છે.

એમાં લોકો તરફથી ૧૨ અને સરકાર તરફથી (અધ્યક્ષ સાથે) ૧૨ મળી ૨૪ સભાસદો છતાં અધ્યક્ષસ્થાન કલેકટર તરફ રહે છે. કમીટીનું વાર્ષીક ઉત્પન્ન આશરે ૭૫-૮૦ હજાર છે ઈ. સ. ૧૮૮૭ થી કમીટીએ જાત્રાળુ ઉપર દરમાણસે ચાર આના કર બેસાડેલો છે. અહીની લોકસંખ્યા ૨૧૪૫૭ છે, તેમજ આ શહર વેપારનું મથક નથી પણ મોટું ક્ષેત્ર હોવાથી આબાદ થએલું છે. તાંબા પીતળના વાસણો, દેવપુજાના વાસણો. ચાંદીનું સામાન અને સોનાના દાગીના અહીયા સારા થાય છે, એમ અહીની ઘણા વરસોની પ્રસદ્ધી છે. ઘણી વસ્તી બ્રાહ્મણોની છે, તેમા યજમાન વૃત્તીવાળા ભિક્ષુકોના ઘરો જુના પુરાતન કાળના છે. તેઓની પાસે ઇ. સ. ૧૪૭૦ થી યજમાન વૃત્તીના લેખ છે મુસલમાન લોકોની વસ્તી ૧૩-૧૪ સોની છતા તેઓની ચાર મશીદો છે. ખ્રીસ્તી લોકો શહરમા બીલકુલ રેહતા નથી. તોપણ પશ્ચિમના ભાગે આશરે ડોઢ મૈલ ઉપર શરણપુરી નામનું એક ગામડું આ લોકોએ વસાવેલુ છે ત્યા તેઓની વસ્તી બસો અઢાસો છે. ઈ સ. ૧૮૬૪ માં ચર્ચમિશન સોસાઇટીના પાદરી ગૃહસ્થ રેવરંડ પ્રાઇસ સાહેબ હતા તેઓએ સરકાર તરફથી ૩૦૫૧-૧૦ આપી ૧૧૪ એકર જમીનની આબાદી કરી આ ગામની અંતર વ્યવસ્થા આપની જુની ન્યાયપંચાયતની પદ્ધતથી ચાલે છે

પૌરાણીક દ્દષ્ટીથી જોતા આ ક્ષેત્રની પ્રાચીનતા ઘણીજ મોટી હોવાનું જણાયછે જુદા જુદા યુગોમા આ ક્ષેત્રના જુદા જુદા નામ પડેલા છે. કૃત યુગમાં ગોદા નદી આ ઠેકાણે આવ્યા તે વખતે એ ક્ષેત્રને ગોદાક્ષેત્ર કેહવામાં આવતું તેપછી હરીહરનો વાસ અહીંયા થવાથી તેને હરીહર ક્ષેત્ર નામ પડયું ત્રેતા યુગમાં શ્રીરામચંદ્રજી અહીંયા રહવાથી રામક્ષેત્ર એ નામાભિધાન થયું. તેમજ શ્રીમહાલક્ષ્મીના લીધે શ્રી ક્ષેત્ર, બ્રહ્મદેવે પદ્માસનઉપર તપશ્ચર્યા કરવાથી પદ્મનગર, ખર, દુષણ, ત્રિશીર નામના મોટા રાક્ષસોના અહીયા વાસ થવાથી ત્રીકંટક અથવા ખરાલય આવા નામો પડ્યા. આ દુષ્ટ રાક્ષસોનો શ્રીરામચંદ્રજીએ નાશ કરી મુનીજનોને નરભય સ્થાન કરી આપવાથી જનસ્થાન એ નામ પડ્યું. હાલમાં નાશીક એ નામ છે. તેના પણ બે ત્રણ કારણો છે. શુર્પણખાનું ના-

સિકાચ્છેદન થયું ત્યારે તેણીને વરપ્રદાન થયું તેથી આ નામ પડયું આ શહેર નવશિખરોઉપર વસેલું હોવાથી એને નાસીક કહેવાયછે, તેમજ—

वसुधाकामिनीवक्रं सद्यदेश इति स्मृत. ।

तस्यशोभायतस्तस्मान्नासिकं समुदाहृतः ॥

નાસિક આ નામવિષે આ એક સુંદર કલ્પના છે. ક્ષેત્ર એ સમજથી આ પુણ્યભુમીની મર્યાદા અજનેરીથી દમકનેશ્વરસુધી પૂર્વ-પશ્ચિમ, અને ગમશેજથી પાડવલેણીસુધી દક્ષિણોત્તર છે એકંદર પંચ મહાતીર્થમા આ ક્ષેત્ર મનાયછે એમ આગળના વચનઉપરથી જણાશે —

नासिकंच प्रयागंच पुष्करं नैमिषं तथा ।

पंचमं च गयाक्षेत्रं षष्टक्षेत्रं न विद्यते ॥

આ સ્થળને આટલુ જે મહત્વ છે તે ફક્ત શ્રીગોદાજીથી છે, એ ખુલ્લુ છે. જેપ્રમાણે ભગીરથ રાજાજીની પ્રાર્થનાઉપરથી તેના પિતરોની ઉદ્ધારગતી થવાસારૂ ઉત્તર તરફથી ભાગીરથી નામથી શ્રીગંગાજી ભુતલ ઉપર પ્રકટ થયા તેજપ્રમાણે દક્ષિણ દીશાતરફથી ગૌતમ ઋષીની પ્રાર્થનાને અનુસરીને અખિલ દુનિયાની ઉદ્ધારગતી થવામાટે શ્રી ત્રીંબકના જટામાંથી ગોદા નામથી એજ ગંગાજી અવતીર્ણ થયા શ્રીક્ષેત્ર ત્ર્યંબકના સ્થાના એણીના ઉત્પત્તિસ્થાનથી સાગરસંગમસુધી આખો ગોદાતટ પવિત્ર છે, તોપણ નાસીક-પંચવટીપાસે અને તપોવનમા કપિલતીર્થપાસે આ દક્ષિણ-વાહિની થવાથી

कालिंदीपश्चिमापुण्या गगाचोत्तरवाहिनी ।

दक्षिणाभिमुखागोदा तत्र दांन सुदुर्लभं ॥

એ વચનાનુસાર આ સ્થલની એટલે ચક્રતીર્થથી કપિલતીર્થસુધીના ગોદાજીના પાત્રની અહીયા પવિત્રતા વિશેષ ગણેલી છે ગૌતમ ઋષીની પ્રાર્થનાઉપરથી શ્રીગોદાજી અવતીર્ણ થયાનો કાળ શિવપુરાણમાં નીચે પ્રમાણે છે.

कृते लक्षाब्द युग्मेऽतीते मांधा तृन्नृपेसति ।

धाताब्दे कच्छपे विष्णौ तथा सिंहगते गुरौ ॥

माघशुक्ल दशम्या वै मध्यान्हे चेंदुवासरे ।

सौम्यमे वैधृतौ योगे गर करणे वृषे विधौ ॥

मकरस्ये तथैवोर्के योगे चामृत सिद्धके ।

આ ઉત્પત્તિ કાલ ઉપરથીજ પછી દર બારમે વરસે જે વખતે સિંહરાશીનો ગુરૂ થાય છે તે વખતે ગોદાવરીના સ્નાનનું અને તેણીના તીર ઉપર કરેલા શ્રાદ્ધદાનાદિ વિધીનુ જે માહાત્મ્ય ઘણુજ વર્ણન કહેલું છે. તે સિંહસ્થના વખતે આખા વર્ષ સુધી બધી પવિત્ર નદીઓ, તીર્થો, દેવતાઓ વિગેરે શ્રી ગોદાજીના તીર પાસે આવીને વાસ કરે છે તેથી સિંહસ્થના વખતે અહીયા કરેલા સ્નાન દાનનું મહત્વ મોટું છે, જુવો કે—

तिस्रः कोट्योऽर्ध कोटीच्च तीर्थानि भुवनत्रये ।

तानि स्नातुं समायाति गंगाया सिहगे गुरौ ॥

षष्टिवर्षसहस्राणि भागीरथ्यावगाहनम् ।

सकृद्गोदावरी स्नानं सिहयुक्ते बृहस्पतौ ॥

સિંહસ્થમા અહીયાં વૈરાગીઓનો મેળો ઘણોજ મોટો ભરાય છે. તેઓમાથી કેટલાક પોતાના તપોબળથી ખરેખર મોટા દર્શનીય અને વંદન કરવા જેવા જણાય છે તીર્થનુ સ્થાન તો ઐહિક અને પાર લૌકિક નજરથી જોતાં બધાઓને પુજ્ય છે તેથી—

तीर्थाभिगमनं पुण्यं यज्ञैरपि विशिष्यते ।

એમ જે તીર્થ યાત્રા વિશે પ્રશંસા ગ્રંથમા છે તે યથાર્થ છે. માત્ર

मंत्रे-तीर्थे द्विजेद्देव दैवज्ञे भेषजे गुरौ ।

या हशी भावना यस्य सिद्धिर्भवति ताहशी ॥

આ એક સુભાષિત વચનમાં કહ્યા પ્રમાણે તીર્થના ઠેકાણે જેવી દાનત તેવું ફળ મળશે એ ધ્યાનમા રાખવુ જોઈએ. એટલા માટે કોઈપણ તીર્થકે અગર દેવદરશનને અગર પુણ્યાશ્રમદરશનને જવાનુ હોય તો જાત્રાળુએ ઘણાજ શુદ્ધ અંતઃકરણથી જવુ. ત્યાં ઘણું નમ્રપણાનુ આચરણ રાખવું, બધી તીર્થવિધી અને દાનધર્મ કીયા ભક્તીભાવથી અને યથાશાસ્ત્ર કરવી, કોઈપણ પાપરૂપી વિચાર અગર નજર રાખવી નહી, યથાશક્તી અને મનઃપૂર્વક દાનધર્મ કરવા; તોજ તીર્થને ગયાનુ પ્રથમ કથન કરેલુ મોટું ફળ પ્રાપ્ત થાયછે તીર્થના ઠેકાણે હોય તે વખતે જાત્રાળુએ પોતાની બુદ્ધી કેટલી શુદ્ધ રાખવી એવિશે કહેતી વખતે ત્યાંના બ્રાહ્મણોના આચરણવિશે પણ નઠારી કલ્પના મનમાં લાવવી નહી એમ કહેલું છે. જુઓ—

तीर्थेषु ब्राह्मणंनैव परिक्षेत कदाचन् ।

ब्राह्मणं परिक्षेत तीर्थेकालंनाचिंतयेत् ॥

ઠીક. આ પવિત્ર ઠેકાણુના યાત્રાનો ક્રમ સામાન્યત નીચેપ્રમાણે છે જાત્રાળુએ અહી આવ્યા પછી પ્રથમ પોતાના તીર્થોપાધ્યાયનો શોધ કરવો, અગર જાત્રાળુઓના નામગામની પુછપછાત કરવામાટે રસ્તામાં જે ભિક્ષુકો તેઓને મળેછે તેમને પોતાની યોગ્ય માહિતી કહી શોધ લગાડવો. આપના પેહલા પ્રથમ આવી ગએલા આપના વંશજોના લેખ નજરે પડયા એટલે જાત્રાળુએ તે ઉપાધ્યાયને, કોઈપણ તકરાર ન કરતા તેને માન્ય કરી તેના કેહવાપ્રમાણે ચાલવું એ ઠીક છે. આત્મશુદ્ધી (પોતાની પવિત્રતા) માટે પ્રથમ દિવશે ગંગાભેટ, પિતૃસંતરપણમાટે શ્રાદ્ધવપનાદિ (શ્રાદ્ધ અને બાળ કાઢવા) તીર્થવિધી અને ત્રીજે દિવસે દેવ બ્રાહ્મણોના સંતોષસારૂ દરશન, દાનધર્મ વિગેરે કરવા અને પછી ત્રીંબકતરફ જવુ. ત્યાં કુશાવર્ત તીર્થઉપરનો વિધી યથાયોગ કરી, શ્રીત્રીંબકેશ્વરનું દરશન લઈ પછી પંચવટીમા રામદરશનમાટે જવુ છેવટે પોતાના તીર્થોપાધ્યાયને દક્ષણા વિગેરેથી સંતુષ્ટ કરી તેના તેમજ તે ઠેકાણાના સમસ્ત બ્રાહ્મણોના આશિરવાદ લેઇ પવિત્ર અંતઃકરણ થએલા આનંદથી પોતાના ઘેર આવવુ.

અહીના મુખ્ય મુખ્ય દેવસ્થાનો

સુંદર નારાયણ.—આ દેવાલય ઈ. સ. ૧૭૫૬ માં ગંગાધર યશવંત ચંદ્રચુડ એઓએ બાંધ્યું. આમળ આવેલા ઘાટસાથે એના-માટે રૂ. ૧૦ લાખને ખરચ થયો. પ્રથમ આ ઠેકાણે નાહનુ દેવળ હતું તે યવન લોકોની કારકીર્દમાં ભાગી જઇ ત્યા તેઓની કબર થઇ, પણ પછી પેશવાઇમાં તે કબરસ્થાન ખોદી કાઢી તમામ જગો શુદ્ધ કરવામાં આવી અને ત્યાં દેવલ થયુ. દેવલની રચના આવી કુશલતાથી કરેલી છે કે, દરવરસે તા. ૨૦--૨૧ માર્ચ ના રોજ સુર્યોદયના વખતે સુર્યના કીરણો શ્રીનારાયણના પગ ઉપર પડે. દેવળને સરકારી નેમણુક ૮૨ાા રૂપીઆની છે. આ દેવસ્થાનની કથા એવી છે કે પેહલા જલંદર નામનો એક રાક્ષસ ઘણો ઉન્મત્ત થયો, તેની સ્ત્રી વૃંદાએ ઘણી પતિવૃત્તા હોવાને લીધે તેણીના પુણ્ય બળ ઉપર એ રાક્ષસ અમર થઈ ત્રણ લોકોને પીડા આપતો તે વખતે શ્રીવિષ્ણુએ કપટ રૂપથી તેના પત્નીનું મન પતિ ભક્તિ તરફથી ખસેડયુ અને જલંદરનો નાશ કર્યો પછી ત્યારે વિષ્ણુનું આ કપટ તેણીને માલુમ પડયું ત્યારે તૂ કુરૂપી થઇશ એવો તેણીએ શ્રીવિષ્ણુને શાપ આપ્યો. ત્યારે વિષ્ણુ ત્યાં આવી આ ઠેકાણના ગોદાવરી તીર્થમા સ્નાન કર્યાથી તેઓ સુંદર નારાયણ થયા.

ઉમામહેશ્વર—આ દેવાલય ઇ. સ. ૧૭૫૮ માં શ્રીમંત માધવ-રાવ પેશવાના કાકા ત્રિંબકરાવ અમૃતેશ્વર એઓએ બાંધ્યુ દેવાલય બાંધવાનો ખર્ચ બે લાખ રૂપીઆ થયો. ત્યાની મુર્તી કાળા પથરની છે. વચમા શ્રીશંકર એક બાજુએ ગગા અને બીજી બાજુએ ઉમા છે. આ મુર્તીઓ કર્નાટકમાથી મરેઠાઓ લાવ્યા એવુ કેહે છે. આ દેવળને સરકારી નેમણુક રૂ. ૫૨૭ ની છે. અને પંચના તરફથી અહીની વ્યવ-સ્થા રહે છે. આ ઉમામહેશ્વરની કથા પુરાણમા એવી છે કે ઉમા નામની એક શુદ્ર જાતીની ગુણીકા હતી તે એક રાજાના આશ્રય તળે રેહેતી. એક વખતે તે રાજકીય બલાજમાથી ગોદા કીનારા ઉપર આવી અને જ્યારે તેણીએ આ મહા નદી, પુણ્ય ક્ષેત્ર અને અહીનો મહાતપોનિષ્ટ બ્રાહ્મણ સમાજ જોયો ત્યારે પોતાના વિષય રૂપી નીંદ્ય આચરણનો તેણીને પશ્ચાતાપ થયો અને પાસેનુ તમામ ધન બ્રાહ્મણોને આપી પોતાનો ઉદ્ધાર

થવા માટે ગોદા પ્રવાહમા પોતાનો દેહ છોડયો. બ્રાહ્મણોએ તે ધનનો ઉપયોગ શિવાલય બાંધવાના કામે કરી તેને ઉમામહેશ્વર નામ આપ્યું.

ગોરા રામ—આ દેવળ ચાંદોરીના જાહાગીરદાર દેવરાવ હિંગણે એ ઇ. સ ૧૭૮૨ મા બાંધ્યુ, અને તેઓના વંશજ તરફથીજ અહીની વ્યવસ્થા ચાલે છે આ દેવળમાં એક આઠ સુંઢનો ગણપતી છે શિવાય, ગોદાવરી, મહિષા સુરમર્થિની, શંકર પાર્વતી વીગેરે મુર્તીઓ છે રામ-લક્ષ્મણની મુર્તીઓ ધોળા સગમરવરી પથરની છતા નીચલા ભાગમાં ભરત શત્રુઘ્નની મુરતીઓ છે

મુરલીધર—બન્ને બાજુએ વાછરડા સાથે બે ગાયઓ અને વચમા મુરલીધર મુરલી વગાડતો એવી ૩॥ ફુટ ઊંચાઈની સગમરવરી પથરની મુરતી ઘણાજ સુદર છે આ મુરતીને કોઈ કોઈ વખતે અર્ધનારી નટેશ્વર પ્રમાણે રાધાકૃષ્ણનું ધ્યાન આપવામા આવે છે અને તે " ઘણું " રમણીય દેખાય છે આ દેવલ ઇ. સ. ૧૮૨૮ મા દાદાબુઆ સાધુએ બાંધ્યુ મુરલી-ધરની મુરતી ચાંદોરથી આણેલી છે

લક્ષ્મીનારાયણનું મંદીર—આ મોતીપાર પાસે છે સ્વર્ગવાસી શેટ લખ્મીદાસ ગોવરધનદાસ દેસાઈ જાતના કપોલવાણીયા એમના સ્મારક માટે તેમની સ્ત્રી કેવલબાઈએ સંવત ૧૯૫૨ મા બાંધ્યુ ખર્ચ ૪૦ હજાર રૂપીયા થયા.

બાલાજી—બાપાજી ભોવા નામના કોઈ વીર વૈષ્ણવ હતા, તેઓએ ઇ સ ૧૭૭૧ મા એક લાખ રૂપીયા ખરચ કરી એ દેવળ બાંધ્યુ. અહીની મુર્તીઓ બાલાજી, ગમદેવી અને લક્ષ્મી એવી ત્રણ ત્રાંબાની બનાવલી છે એ મુરતી બાપાજી ભોવાના દાદા ગણપતરાવ એમને તિની વેલ્લીમા તામ્રપરણી નદીમા મળી આવ્યા. તે તેઓએ જુન્નરમા પોતાના ઘરમા સ્થાન કર્યા હતા તેમના પછી તેમનો પુત્ર તિમયા એ મુરતીઓની પુજા કરતા છતા તેને એક રાત્રે સ્વપ્ન પડયું કે ૧૫ દિવસમાં જુન્નર ગામ આગથી બળી જવાનુ છે તેથી તૂ મને અહીથી લેઇજા. તે પ્રમાણે તીમયાએ આ મુરતીઓ ત્યાથી નાશીકમા લાવી પ્રથમ સોમવાર પેઠમા મુકી. તે પછી તિમયાનો છો કરો ૧૩ ગામનો ઇનામી છે, વળી

સરકારી રોકડ નેમણૂક ૧૨૫૧ રૂ. ની છે, તેમજ શીંદે, હોળકર, ગાયકવાડ, ધરમપુરવાળા વિગેરે વિગેરે સંસ્થાનિકો તરફથી રૂ૦ ૧૦૦૦ મળે છે.

તિળભાંડેશ્વર—આ દેવળ ત્રિબક અમૃતેશ્વર પેઠેએ ઈ સ. ૧૭૬૨ માં બાંધ્યું અને સરકારી નેમણૂક દરમાન રૂ ૪૭૨ ની છે એના પિંડીનો ઘેર ૫ ફુટ છતા ઉંચાઈ ૨ ફુટ છે એવું કહે છે દરવર્ષે આ પીંડી એક તળ વધે છે આ દેવળના પાસેજ દેવી, વિઠોબા, નરસિંહ, વામન, એમના દેવળો છે પાસેજ દાતાર એમનું વિષ્ણુ મદીર છે, અહીની મુરતીઓ પેશવાઓએ આપી એમ કહે છે.

સુરડેશ્વર—ગાયત્રી અને ગોદાવરી એમના સગમ ઉપર દિલ્હી દરવાજા સામે છે એનેજ મૃગવ્યાધેશ્વર એમપણ કહે છે, ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી, શ્રદ્ધા અને મેધા એમના પછવાડે બ્રહ્મદેવ લાગ્યા છતા તેઓ નદી રૂપથી દોડે છે તેમનું સંરક્ષણ અહીયા મહાદેવે કર્યું. આ વાતની સાક્ષી ભૂત આ સ્થાન છે ઈ. સ ૧૭૭૦ મા જગજીવનરાવ પવારે આ બાંધ્યુ.

ટાળકુટેનું દેવળ—આ સ્મશાનભુમી પાસે છે. સોપાન શેઠ ટાળકુટે નામના વિ ણી (દરજી) ગૃહસ્થ હતા તેઓએ આ મહાદેવનુ દેવળ ઈ સ ૧૭૮૩ મા બાંધ્યુ.

વિઠોબા—સુંદર નારાયણના સામે પુલ પાસે પચવટીના બાજુએ આ દેવળ છે વિશ્વનાથ નામનો એક વૃદ્ધ બ્રાહ્મણ અહીયા રેહતો. તે વખતે ગાવત વિગેરે કોઈ બ્રાહ્મણો પંઢરીના જાત્રાને જતા હતા તેમના મોઢેથી પંઢરીનુ મહાત્મ વિશ્વનાથ બ્રાહ્મણે સાભળ્યું, પણ તે અશક્ત અને જઈશક્યો નહી તે બ્રાહ્મણો ગયા તેથી તે ઘણો દુખી થયો અને ગએલા બ્રાહ્મણો પંઢરીથી પાછા આવતા સુધી અન્ન ખાવાનુ નથી એવો નિશ્ચય કર્યો. તેની ભકતી જોઈ પંઢરીનાથ બ્રાહ્મણ રૂપથી ત્યા આવી તેના ભકતીની પ્રથમ ખાત્રી લીધી. પછી રૂકમીણીસહ તેને પ્રત્યક્ષ રૂપથી દર્શન આપી ઈતર ભકતોના ઉદ્ધાર માટે તેઓ ત્યાંજ આવીને રહ્યા. આ વાતની સાક્ષ માટે આ દેવળ છે. પછી તાત્યા શકિડેએ ઈ. સ ૧૭૫૫ માં દેવળ બાંધ્યુ. અહીયાં સહી અને રૂકમીણી સાથે વિઠોબાની મુરતી છે.

આ દેવળને સરકારી નેમણુક રૂ ૪૫૮ ની છે પાસેજ બેરાગીઓનો મઠ છે. તે આ સરે ૭૦ વર્ષ પેહલા બંધાયો. આહીંયા રામલક્ષમણ સીતા એઓની મુરતીઓ છે

ગંગામંદીર—(આહીસ્થાન)—રામકુંડ પાસે છે. ઇ. સ. ૧૭૭૫ મા ગોપિકાબાઇ એ બાંધ્યુ છે. અને સરકારી નેમણુક દરસાલ રુપીયા ૨૦ની છે. બાર વર્ષમા એક વખત સિંહસ્થમા એ મંદીર ઉઘાડે છે અને આખા વરસ સુધી તે ઉઘાડું રહે છે તે શિવાય દરવરસે કારતક પુનમને રોજ દીપોત્સવ કરવાને માટે એક વખત ઉઘાડવામા આવે છે. ગંગામંદીર પાસે પંચાયતનનુ એક દેવળ છે. તેની પાસેજ બીજુ એક દેવલ સન ૧૮૯૬ મા દ્વારકાનાથ રાઘોબા તર્ખડકરે પોતાના સ્મારક માટે રૂ. ત્રણ હજાર ખરચી બાંધ્યુ, અંહીના દેવીની મુરતી ઘણી સુંદર છે

અહીલ્યાબાઇનુ રામમંદીર—પ્રસિદ્ધ ધર્મમૂરતી શ્રીમતી અહિલ્યાબાઇ હોળકરાણ એએ ઈ સ ૧૭૮૫ મા આ મંદીર અને પાસેનું મહાદેવનુ દેવલ પટાગણ અને કુંડ એ બાંધ્યા અહીની રામલક્ષમણ સિતાની મુરતીઓ રામકુંડમા મળી આવી એમ કેહુ છે. દેવળનો ખર્ચ વીસ હજાર રૂપીયા થયો છે

કપાલેશ્વર—એ પંચવટીમાના દેવસ્થાનો પૈકીનો છે, એ ઘણુંજ પ્રાચીન છે અહીયા પ્રથમ એક નાનુ સરખુ દેવળ હતુ જે મોગલોએ એ તોડી પાડયુ પછી ઇ સ ૧૭૩૦ મા કોઇ કોળીએ તે બાંધ્યુ. પગથીયા કૃષ્ણાજી પાટીલ પવાર એઓએ બાંધ્યા આ દેવળને સરકારી નેમણુક રૂ ૨૭૫ ની છે કોઇપણ શીવ મંદીરમા ગયા ત્યારે પ્રથમ શીવના સામે નંદી દેખાવવાનો એ પ્રમાણે મોરોપંત કવીએ લખ્યુ છે. આ સબંધે પૌરાણીક કથા એવી છે કે બ્રહ્મદેવે એક વખતે વિષ્ણુની ઘણીજ નીંદા કરી તેથી શંકરને ક્રોધ આવ્યાથી તેણે બ્રમ્હદેવનુ પાંચમુ શીર તોડી નાખ્યુ પણ તેથી કરી તેની બ્રમ્હહત્યા તેના પછવાડે લાગી તે દુર થવા અર્થે શ્રીશંકર જત્રા માટે નીકળ્યા તે સર્વે તાર્થો ફરયા પણ તે હત્યા દુર ન થઇ પછી કશ્યપ સંગમ પાસે આવી ત્યા એક દેવશર્માં નામનો બ્રામ્હણ રેહતો તેના ત્યાં રાત્રે ઉતર્યાં. ત્યાં ગૌશાળામા ગાય પોતાના

વાછડા સાથે વાત કરતી હતી તે તેણે સાંભળી તેમાં તે ઘરનો માલીક તે જાનવરોને રાખતો તે વાછરડાના નાકમા દોરી લટકાવવાનો હોવાથી વાછરડો પોતાની માસાથે તકરાર કરતો તે બોલ્યો કે આપણે આવતી કાલે નાકમાં દોરી લગાડી લેવાના નથી જો બ્રાહ્મણ તે પ્રમાણે કરશે તો તેને શિંગડાથી મારી નાખીશ આ વાતને ગાયે ઘણો નીષેધ કર્યો અને કહ્યું કે તે આપનો અન્નદાતા છે. વળી કહ્યુ કે માણસની સેવા કરવા ખાતરજ પરમેશ્વર આપણને જન્મ આપ્યો છે એટલુજ નહી પણ તેથી થતુ બ્રાહ્મણ હત્યાનુ પાપ કોઇપણ રીતે મટવાનુ નથી એમ બીક આપી. વાછરડો કાંઈપણ ન સાંભળે તે ઉલટી વાતો કહેતો તે બોલ્યો કે પોતાને એકજ સ્તનમાથી દુધ મળે છે અને બાકીનુ તે પોતે ખાઇ જાય છે એ શાનો આપણો અન્નદાતા એની સેવા આપણે શા માટે કરવી. સ્વતંત્ર રીતે જગલમા ફર્યાથી આપનું પેટ ભરવાનું નથી કે કેમ? વળી બીજુ એ છે કે મને બ્રહ્મહત્યાની બીક જરાપણ લાગતી નથી કારણ કે જો કાલે મને નિર્દયતાથી નાકમાં દોરી નાખે તો હુ તેને મારી નાખીશ અને પાસેના તીર્થમા સ્નાન કરવાથી તે પાતક માથી મુકત થઇશ. એ પ્રમાણે મા છોકરાની થએલી વાત શંકરે સાંભળી સવારે તે બ્રાહ્મણોના વાછરડાના નાકમા દોરી નાખતી વખતે તેણે ખરેખર તેને મારી નાખ્યો, અને બ્રહ્મહત્યાના દોષથી તેનો આખો દેહ કાળાવર્ણો થયો પછી તે ત્યાથી તરત નીકળી રામકુંડ પાસે આવી અસ્થી વિલય તીરથમાં ઉડી નાખી. સ્નાન કરયા બરાબર તેનો દોષ નાશ પામી તે પેહેલા મુજબ ધોળો થયો. પુછડીનુ ટોક તથા મોંઢાનો કાંઇ ભાગ પાણી ઉપર રહયાથી તેટલો માત્ર કાળો રહયો. શ્રીશંકર પણ તેના પછવાડે જઇ તે પ્રકાર જોતા તેઓએ તેને ગુરૂ માની તે તીરથમા સ્નાન કરી દોષમુકત થયા આ ઠેકાણે તે વાછરડો ગુરૂ થયાથી અને જાતના મોટ તેણે નદીને ગુરૂ માનયો અને આપણા આગળ નિષેધ કરી બહુમાન કરયો.

સીતાગુંફા—ઉપરના ભાગે મઠ જેવી ઇમારત છતા ગુફા જેવું જમીનમા દેવળ છે, અંદર રામ, લક્ષુમણ, સીતાની મુરતીઓ છે. એ ગુહામા બાજુ એક નાની પેટગુહા છે. તેમા શ્રીશંકરની પીંડી છે, ત્યાંથી રામશેજના ડોંગરસુધી એક ગુપ્ત ગુહા છે એમ કહેછે. વનવાસમાં હતા

તે વખતે આ ગુહામા સીતાજીને મુકી રામલક્ષુમણ પારધમાટે જતા. રાવણ સીતાજીને ચોરી લઇ ગયા તે આ ઠેકાણેથીજ એમ કહેછે. તે વખતે સીતાજીએ ગુફાના બહાર અમુક મર્યાદા (હદ) આગળ જવુ નહી માટે લક્ષુમણે જે રેખા (લીટી) દોરી વરૂણા (હાલ જેને વાઘાડી કહેછે તે) નદી છે આ વાઘાડીના તીરે ચરણપાદુકા નામનુ સ્થાન છે. તે આજ વાતનુ સાક્ષીભુત છે સીતાગુફાની માલકી ગોસાવીતરફ છે ઇસમ દીઠ્પા આનો લઇ આ ગુંફા અંદર ઉતરીને બતાવવામા આવેછે. પંચવટી આ નામને કારણીભુત જે પચ વટ (વડના પાચ ઝાડ) જે અહીંયાજ પાસે છેં આ એટલા જીર્ણ થયા છે કે મુળ ઝાડાની જડીયો જમીનમા જઇ તેના બીજા કેટલાક ઝાડા આસપાસ થયા છે. ક્ષેત્રમહાત્મમા આ વટસબધે એવુ કહેલું છે કે —

गंगातोयेन जानक्या पादपाः वर्द्धिताः शुभा. ।

शोभा विशेषो यत्रासीत् पंचवट्या सुखप्रदः

દ્વારકાનાથનું મદીર (મદીર) —પચવટીમા છે એમાની દ્વારકાનાથની મુરતી, રાજકોટમા પુલનુ કામ ચાલતુ હતું તે વખતે બરૂથ કંપનીને મળી આવી તેમના પાસેથી ઠક્કર આસર વીરજી ભાટે એમને વેચાતી લઇ તે આપના ઘેર રાખી તેમની સેવા કરતા હતા. ત્યાહાથી કે૦ શા રઘુનાથ તારાચદ મોડ વાણી એમને તેનાપાસેથી લઇ તેમની અહીંયા સ્થાપના સંવત ૧૯૪૭ માં કરી આ દેવસ્થાનની વ્યવસ્થા વૈષ્ણવ સંપ્રદાયામુજબ મનોરથ, રાજભોગ, લીલા હિંડકા, ફુલોની પુજા અને દર્શન આ નિયમિતપણાથી અને યથાપદ્ધત ઉત્તમ પ્રકારે ચાલેલી છે પાસે મહાપ્રભુની બેઠક છે તે પણ દેવસ્થાન એમનેજ બાધેલુ છે.

કાટ્યા મારૂતી તપોવનના રસ્તે વાઘાડીના કીનારે આ દેવળ છે. ઇ સ ૧૭૮૧ મા રઘુનાથ ભટ કાટે એ આ બાનવ્યુ એમાની મારૂતીની મુરતી નવ ફુટ ઉચ છે. અહિંયા પાસેજ પેઠકર એમને બધાવેલુ મહાલક્ષ્મીનુ દેવળ છે. ગણેશવાડામાં ગણપતીનુ દેવળ છે તે ઇ. સ. ૧૭૬૭ માં નારશિઁક કુળકરણી એમને બાધ્યું

કાળા રામ—પેહેલું એક નાનુસરખુ રામનુ દેવળ હતું તે જગાઉપર આ ઈ. સ ૧૭૮૨ માં સરદાર રંગરાવ ઓઢેકર એમને બાંધ્યું. આ દેવાલયનું કામ બાર વરષ ચાલ્યું હતું. આ કામઉપર બે હજાર માણસો મજુરી કરતાં હતા એકંદર તેવીસ લાખ રૂપીઆ ખરચ થયો આ દેવસ્થાનને સરકારી નિમણુક સાલીના ૧૨૨૨-૮-૦ રૂપીઆ છે બીજું શિંગવે આ ગામ ઈનામ છે આ ગામમાથી નગારખાના સારૂં ૮૦૦ આઠસો રૂપીઆ આવેછે ઓઢેકર એમના ઘરાણા તરફથી દરમહા રૂપીઆ ૮૦ આવેછે તેમજ દેવ આગળની મિળકત આસરે એક હજાર રૂપીઆ લગી સાલીના થાયછે. પેશવે એમની ઇછા આ દેવસ્થાનને સારી નિમણુક કરી આપવાની હતી એવુ કેહ વાયછે અને તે મુજબ ઈનામોની સનદો લખી પોતે દેવને તે અરપણ કરવા સારૂ પેશવાની સ્વારી આ દેવાલય તરફ આવતી હતી તે દાહડો રામનવમનો હતો. વખત રામજનમની હતી પરતુ પેશવે દેવાલયમા આવતા પેહલાજ જનમની વખત થવાથી રીતીપ્રમાણેં રામજન્મ થયો. પેશવા જેના ઉદાર તવાજ કરડા મીજાજના હતા આપ આવતા લગી રામજન્મ થવાનો ક્રેમ બાકી રાખ્યો નહી આટલાથીજ શ્રીમંતની તબ્યેત જઈ સનદો તેમને રસ્તામા બાલાજીને આપી દીધી. આ દેવળનો સોનાનો કળસ પ્રભાકર પગે નામના એક વૈદે બંધાવેલો છે.

નારોશંકર એમનું દેવળ—એમને રામેશ્વર કેહવાય છે. એમની રચના બહુજ સુદર છે તથા નકસી કામ પણ અન્દર બહું સારૂ કરેલું છે. ઈ સ ૧૭૪૭ મા માલેગાવના નારો શકર રાજે બહાદુર એમને આ બાંધ્યું એને અઢાર લાખ રૂપીઆ ખર્ચ થયો આ દેવળના આગળ દરવાજા ઉપર એક મોઠી ઘાટ છે તે વસઈથી લાવી એમ કેહે છે તેના ઉપર ૧૭૨૧ એવો અક છે આ દેવળના પાસે ઉતરના બાજુ તરફ સત્ય શ્રંગી દેવીનો મુખવટો છે પાસેજ બજાર પટાંગણ નજીક આઇ મહારાજનુ દેવળ છે. તે ઈ સ ૧૮૭૮ માં બાંધ્યુ.

ભદ્રકાલી—આ દેવળ તિવ્હધામા છે. ગણપતરાવ દિક્ષિત પટવર્ધન એમને ઇ. સ. ૧૭૯૦ મા બાંધ્યું એને ખર્ચે આસરે તીસ હજાર રૂપીઆ થયો આ દેવસ્થાનને સરકારી નિમણુક સાલીના બેશ્યા ચાલીસ

૨૪૦ રૂપીઆ છે દેવીની મૂર્તી એક ફુટ ઉંચીની તાંબાની છે. આ દેવળ અહીંયા ઘણા શ્રેષ્ટ દેવળ પૈકી એક ગણાય છે અહીંઆ ગામકીના સભા, અર્ચીજ શાતયર્થ યજ્ઞ અનુષ્ટાન, બળી વિગેરે પ્રકાર થાય છે.

નવદુર્ગા—અહી યા એકદર નવ દેવી શહરના આસપાસ ક્ષેત્રસ રક્ષક હતાં તેમને નવદુર્ગા એમ કહેવાય છે. તે નિચે પ્રમાણેઃ—

૧ મહાકાલીકા (કાલીકા)—આ દેવળ ઓક એમણને ઈ. સ. ૧૭૭૯ મા બાન્ધ્યુ, આ ટિકાપરામા છે

૨ મહાલક્ષુમી—આ હાલ દેવળાલી રસ્તાતરફ ઉપાસની એમની જગામા છે સોનારફળીયામા જુમામસીદ છે. ત્યાહા પહેલે હતી. ઈ. સ ૧૭૭૫ માં ઉપાસની એમને એનું દેવળ બાધ્યુ.

૩ રેણુકા એનુ દેવળ રેવકો અનાજી પારખ એમને ઈ સ ૧૭૬૧ મા બાંધ્યુ

૪ સીતળા દેવી આ ગોરા રામપાસે છે એની મુરતી ફુટેલી છે. તેનુ કારણ એમ કહેછે કે આસરે ૯૦ નેઉ વર્ષ પેહેલા કોઈ રામભટ ધારપુરે એટલે બાળ્યા કાકા નામના ઇસમનો એકુલનો એક છોકરો દેવી નિકળીને મરણ પામ્યો છોકરાને દેવી નિકળ્યા એટલે તેમની મા ચૌદ દિવસ આ દેવીને પાણી ચહાવી પધરમે દહાડે છોકરાને દરશન લેવાસારૂ લઇ જાયછે ને અહીંયા દાનધર્મ કરેછે આ ઇસમની બાયડીએ એચ-પ્રમાણે કર્યું પણ તે છોકરો દેવી નિકળીને મરી ગયો, ત્યારે આ ઇસમે દેવીઉપર ક્રોધાયમાન થઇ તેની મુરતી તે આવેશામા ભાગી નાખી.

૫ ચિત્રઘંટાઉપરની દેવી.

૬ મહામારી આ દેવી ગણેશવાડીના નાકાઉપર છે

૭ દુર્ગાદેવી આ દુર્ગાડીઉપર છે.

૪ માતાપુરનિવાસિની અથવા ભગે એમની રેણુકા આ વચલા પહાડઉપર છે. એને સરકારી નિમણુક બે રૂપીઆ છે

૫ ભદ્રકાલી આ નિહ્યામાં પ્રસિધ છે

ગણપતી.—નાંવ દરવાજામાં હિગણે એમનું ગણપતીનુ દેવળ છે. એને મહોત્કટેશ્વર કેહેછે ને અહીયા હાલ ખોદવાથી મૂર્ત્તિકાકૃતી દગડ જડી આવેછે. એમ અહીયા સાક્ષ છે બીજુ આદીતવારમા બાપાજી ભાવે એમના ઘેર ગણપતીનુ સ્થાન છે એને સરકારી નિમણુક સાલીના રૂપીઆ ૧૭૧ છે

ખંડોબા—મલ્હાર ટેકડીઉપર આ દેવળ છે ઇ સ ૧૭૪૮ માં મહાદાજી ગોવિંદ કાકિરડે એમને બાંધ્યુ બીજું પેશવાના પટાંગણઉપર એક ખંડોબાનુ સ્થાન છે

આ ક્ષેત્રમાના તીર્થો.

ગોવર્ધન તીર્થ—ગંગાપુર નજીક છે જગબાળી નામનો બ્રાહ્મણ અહીયા રેહેતો હતો તે ગાય વિગેરે ઢોરને ત્રાસ આપતો હતો ત્યારે આ ઢોરની તકરાર નદી પાસે ગઈ, નદીએ કંઈક કાળ લગી બધા ઢોરોને એકદમ ગુપ્ત કરી નાખ્યા. તેથી યજ્ઞયાગ બંદ પડયા તેથી દેવ નતર આ ઠેકાણે આવી તે ઢોરની દાદ લીધી ને તેમની આગળ નીટ વ્યવસ્થા રેહે એમ કર્યુ એ વાતનુ સાક્ષીભુત આ તીર્થ છે મહાદેવનુ સ્થાન છે ત્યાહા સ્નાન દાનનુ પુન ઘણુ છે. પીતૃ તીર્થ આ ગોવરધનના દક્ષિણ તરફ છે એના આગળ ગાલવ તીર્થ છે અહીંયાથી પાસેજ આગળ બ્રહ્મતીર્થ છે એના આગળ ઋણ મોચન તીર્થ છે આગળ કણ્વ તીર્થ સાગર સુધા તીર્થ છે. આ તીર્થની આખ્યાયિકા છે તે એવી કોઈ કણ્વ નામનો બ્રાહ્મણ તીર્થ જાત્રા કરીને અહીયા આવ્યો અહીયા તે વખતે ગૌતમ નામક જૈનધરમી સાધુનો આશ્રમ હતો કણ્વ બ્રાહ્મણ બહુ જ ભુકેલો જૈનના આશ્રમમા જવાનુ નથી તો અન્નોદક લેવાની વાત શાની એવો તે હતો. પણ તેવખતના બ્રાહ્મણનો મોટા કટાક્ષ હતો તે કારણથી કણ્વ બ્રાહ્મણ ગોદાવરીનાકાઠે બેસી તેને અન્નપુરણા દેવીની પ્રાર્થના કરી અને તેને પ્રસન્ન

કરી લઈ આરડી ક્ષુધા નિવારણ કરી. આ ઉપરથી આ નામે આ તીરથને પડેલાછે આ સ્થળમા સ્નાનદાન કરનારને હુ સદા પ્રસન્ન રહીસ એવા અન્નપુરણાએ વર દીધેલો છે આ આગળ પાપનાશન તીર્થછે એમા સ્નાન કરવાથી મહારોગ જાયછે એમ કહે છે આંહી નજીક વિશ્વામિત્ર તીર્થછે. અહીયા વિશ્વામિત્ર નામનો બ્રાહ્મણ રેહેતો હતો એક વખતે બહુ મોટો દુષ્કાળ પડયો હતો યજ્ઞ યાગબંદ પડયા ધનધાન્ય નહી મળવા લાગ્યું ત્યારે આ બ્રાહ્મણે એક મરેલા કુત્રાના માંસથીજ યજ્ઞ કરી ઇંદ્રને સંતુષ્ટ કરી લીધો ઇંદ્ર પ્રસન્ન થઈ પરજન્ય વર્ષા કરી દુષ્કાળ નથી એવું કરયુ આ વાતને સાક્ષથી આ તીર્થ છે આગળ શ્વેત તીર્થ છે એમા સ્નાન કરવાથી સ્ત્રિયોનો વાંઝપણુ જાયછે એમ કેહે છે અહીયા શ્વેત નામનો બ્રાહ્મણ હતો તે શિવાર્ચન કરતા વખતે યમ દુતોએ એમનો પ્રાણ હરણ કર્યો પણ શીવ દુતોએ તરતજ એમનુ રક્ષણ કરી પુનરપી શિવ અગર વિષ્ણુ એમનુ અરચણ કરતા વખતે તેમના પ્રાણનુ હરણ કરવુ નહી એવી મૃત્યુને તાકીદ આપી આ બાજુએ કોટી તીર્થ છે અહીંયા ઘાટ છતાં કોટીશ્વરનુ દેવાલય છે અંધકાસુરસાથે શિવનુ યુધ્ધ થતુ હતું તેમા શિવના શરીરને પસીનો આવ્યાથી આ તીર્થ નિરમાણ થયુ છે આગળ મહલાર ટેકડીનજીક અગ્ની તીર્થ છે સુંદરનારાયણ નજીક બદરીકા સંગમ અને બ્રહ્મ તીર્થ એવી છે હેમાડપતોએ આપનાસાથે સિંહલદ્વીપથી લાવેલો પરીસ આ બ્રહ્મ તીર્થમાં નાખી દીધો એમ કેહેછે બ્રહ્મદેવે આપના સૃષ્ટીરચનામા આપના હાતથી કંઈ પ્રમાદ ન થાય તેથી પેહેલા પ્રથમ આ તીર્થમા સ્નાન કર્યું હતુ ત્યારથી આ તીર્થમા સ્નાન કરવાથી બુધ્ધી સારી થાયછે એવો એનો મહીમા છે. રામકુંડપાસે શુકલ તીર્થ છે ત્યાહા સફેત તીળ લગાડીને શુક્રવારના દીવસે સ્નાન કરવાનુ મહાત્મ્ય છે આગળ અસ્થિવિલય તીર્થ રામકુંડમા છે એમા નાખેલા અસ્થિનુ પાણી થઈ જાયછે એવો એનો મહીમા છે આ આગળ અરૂણ તીર્થ, અશ્વત્થ છાયાશ્રિત એવો જે નદીનો સંગમ હસે તે સંગમ ઉપર આસો અને માર્ગશીર્ષ માસમા સુર્યોદયે દંપત્યે એ (સ્ત્રી તથા તેમનો ધણી મળી) એક વસ્ત્રથી સ્નાન કરવુ તેથી સ્ત્રિના અંગના આઠ દોષ અને પુરૂષના અંગનો એક દોષ મળી નવદોષ નિરસન થઈ તે દંપત્યને પુ

સંતતી ... છે. એવું રૂદ્રયામળ ગ્રંથમા કહેલું છે અહીંયાજ ત્રીપિંડી શ્રાદ્ધ થાય છે સૂર્ય તીર્થ, ચક્ર તીર્થ, અશ્વ તીર્થ, દશાશ્વમેધ તીર્થ એવા તીરથો છે. સુર્યની સ્ત્રી ઉષા એમને સુર્યનું તેજ ખમેના ત્યારે ઉષાએ આપનામુજબ આપના સરખી એક સ્ત્રી નિરમાણ કરી તે સુર્યની સેવામા લગાડી અને આપના છોકરા છાયા એમની પાસેજ આપ્યા આગળ તે સ્ત્રીને સુર્યથી છોકરા થવા લાગ્યા, ત્યારે પોતાના અને સવતીના છોકરાને સભાળવામાં જે અંતર દેખવા માંડયુ તે ધ્યાનમાં આવી ઉષાના છોકરાને આપની મા સંબધે સશય આવ્યો. તે વાત સુર્યને સમજી તેવખતે ઉષા આ કણ્વ રૂષીના આશ્રમમા ગુપ્ત રહી હતી સુર્ય ત્યાંહા ગયો તેને દેખતાચ તે અશ્વિનીનુ રૂપ લઇ નાસી ગઇ સુર્યપણ અશ્વરૂપ થઇ તેના પછવાડે લાગ્યો. આ વખતે પંચવટીમા બ્રાહ્મણના પાચ છોકરા (બટુ) વેદાધ્યયન કરી રેહતા હતા, તે અશ્વિનીના પછવાડે એવો આ અશ્વ દોડતા દેખી તેને હસ્યા એટલુજ નહી પણ તેનો પ્રતિકાર કરવા લાગ્યા ત્યારે સુર્યએ તેમને શાપ આપી તેમના પંચ વટ (પાચ વડના વૃક્ષ) કર્યા પેહલા સીતાજી જાનકીક કેહેલા તેજ આ પંચ વટ છે આગળ શ્રીરામચંદ્રના દર્શનથી આ પાચ છોકરા ઉદ્ધરી ગયા

તે વાતની સાખથી આ પાંચવટ વૃક્ષ અહીયા છે અને પંચવટી આ નામ આ મઠિજ પડેલું છે અશ્વ અશ્વિનીના વિહારથી અશ્વિની કુમારની ઉત્પત્તી થઈ છે આગળ તાપી તથા યમુના આ સૂર્ય કન્યાઓ અરૂણા તથા વરૂણા આ રૂપથી અહીંયા બન્નેને મળવા આવ્યા. તેમજ બ્રહ્મદેવ આપણી કન્યા મેધા, શ્રદ્ધા, સાવીત્રી, ગાયત્રી અને સરસ્વતી એમને લઇને અહીયા આવ્યો તથા ચક્રથી સૂર્યનુ તેજ કાંઇ કમી કરી તેમને આ આપણી કન્યાઓ તેમને આપી અહીંયા ચક્ર તીર્થ અને આ આચ વાતની સાક્ષભુત છે. આ પછી રામ ગયા તીરથ છે. અહીયા રામચંદ્રજીએ પિતૃશ્રાદ્ધ કર્યું અહીયા પિતરના ઉધ્ધારાર્થે પિંડદાન, ગોદાન, સ્નાન વિગેરે કર્યાનું પુન વિશેષ કહ્યુ છે આગળ મુક્તેશ્વર પાસે મેધા તીર્થ અને કોટી તીર્થ એવા બે તીરથો છે પેહેલી તરફ મ્હસોબા પાસે અહિલ્યા સગમ તીર્થ છે. તેના આગળ તપોવનમા કપિલા સંગમ તીર્થ છે. અહીયા કપીલ મહામુની તપશ્ચર્યા કરતાં હતાં તેમના સામે પૃથ્વી કપિલા

ગાયનું રૂપધારણ કરીને આવેલી તેનું પૃથ્વી રાજાએ દોહન કરી લોક કલ્યાણાર્થે અનેક દિવ્ય ઔષધો નિરમાણ કર્યા તે દોહન વખતે દુધનો જે અવસિષ્ટ પ્રવાહ-વે હતો જઇ ગંગ ને મળ્યો તેજ આ તીરથ છે. પાસેજ બ્રાહ્મણોની, રૂદ્રયોની, વિષ્ણુયોની, અગ્નિ તીર્થ મુક્તી તીર્થ અને સૌભાગ્ય તીર્થ એવા છે પ્રથમના બે તીરથોને પાપ, પુન ની કોઠીઓ એવું કેહે છે. રાવણે સીતાનું હરણ કર્યુ તે વખતે સીતા મૂળ રૂપથી આ અગ્નિ તીરથમાં રહેલી હતી રાવણે લઇ ગયા તે ફક્ત છાયા રૂપી સીતા હતી. સૌભાગ્ય તીરથમા સીતાએ સૌભાગ્ય વાયને આપેના છે. અહીયાચ શુરપણખા તીર્થ છે આ તપોવનમાં ના રૂષીઓને મારી ખાતી હતી. એક વખતે એવા ઘોર કામ સંબધે ત્રિજટએ તેને બહુશિખામણ આપી તથા અહીંયા વનવાસના નિમિત્તે રામચંદર આવ્યો છે તેમના દરશણથી તું મુક્ત થઇસ એવુ કહ્યું તે પ્રમાણે શુરપણખા રામચંદ તરફ ગઇ પણ તેમને જોઇ તે કામવાસનાથી મોહિત થઇ આગળ રામ આગ્નાથી લક્ષમણે તેનુ નાસિકચ્છેદન કરી વિરૂપના કરી તો પણ રામના સબધે તેનુ વેડ જાય નહી. આખરે તે વેડથીજ તીએ રામસ્મરણ પૂર્વક આ ઠેકાણે દેહ વિસરજન કરી દિવ્યાગના થઇ ઉધ્ધાર પામી તે આ તીર્થ.

ગોદાવરીના પાત્રમાના કુંડો

સુંદર નારાયણ પાસે ગોદાવરીને દક્ષિણોત્તર નવીન પુલ થયો છે તે પૂલના નિચે કમાનીમા એક કાયમનો બધારા બાધી પુલના પૂરવ બાજુ તરફ ગોદાવરીના પાત્રમા પાણીનો મોટો સાઠો રહે એવી વ્યવસ્થા કરી છે. આ સાંઠા એક મોટુ વિશાલ કુડચ થયુ છે તથા આગળના કુડોને પાણીનુ દુરભિક્ષ્ય ન ચાલના સુધી ન થવા દેવા એ મોટુ સાધન છે આ બંધાવાથીજ પેહલા ગોપિકાબાઇએ ખડક ફોડી કરેલો ફાસ લાગે છે આ ૪૩૦ ફુટ લબો, ૧૦ ફુટ પોહલો અને ૧૦ ઉડો એવોછે આ ફાંસ પાસેજ ગોપિકાબાઇએ એકાંત સ્નાન, જપ, દેવતારચન કરવા સારૂ એક મંજબુત ચોકાની નાની ઈમારત બાધેલી છે. આ ફાંસના આગળ લક્ષમણ કુંડ છે આ મહાદાજી ગોવદ કાલીરકે સર સુબેદાર એમણે ઈ સ માં બાંધ્યુ એમા જીના પાણીના ઝરાછે. ૧૮૭૭-૭૮ સાલમા અછીયા પાણી-

નુ ઘણુંજ દુરભિક્ષ થયું હતું તે વખતે સર્વ ગંગામાં પાણી બીલકુલ ના હતું પણ આ કુંડમાં પાણી હતુ આની આગળ ધનુષ્ય કુંડછે પછી રામકુંડ આવે છે આતારા તાલુકાના ચિત્ર રાવ એમને ઈ. સ. ૧૬૯૫ માં બાંધ્યું. આગળ આ ૧૭૮૨ મ ગોપિકાબાઈ એ દુરસ્ત કરયુ આની આગળ સીતા કુંડ છે આ ગોપિકાબાઇએ બાધયુ—એના પેલી તરફ સારંગપાણી એમનુ કુડ છે આ ઈ. સ. ૧૭૭મા સારગપાણી એમને બાધયુ આની આગળ દુતોંડયા એટલે બે મોઢા મારૂતીનુ તથા પચદેવળનુ એવી પાસે પાસે બે કુડ છે. આ બાલાજી મહાદેવ ઓક એમને ઈ સ ૧૭૬૮ માં બાંધયું—ગોરા રામના આગળ દશાશ્વમેધ કુડ છે તેમનો નાશીકના બાજુનો ભાગ ઈ સ ૧૭૬૮ મા ગજે બહાદર તથા હિંગણે એમને બાધયો અને પચવટી તરફનો હોળકર તથો પેશવે એમને બાંધયો. આ પાસેનુ (પચવટી તરફનુ) બજાર પટાગણ પેશવે એમનુ છે નારોશંકરના દેવળ આગળ રામ ગયા કુડ છે એનો નાશીક તરફનો ભાગ ઈ. સ-૧૭૮૦મા કૃષ્ણદાસ પરાજપે એમને બાંધયો અને પંચવટી તરફનો ભાગલક્ષમીશકર એમને ઈ. સ.૧૭૬૩મા બાધયો નાશીક પચવટીમા જવાનો વિસેષ રહનારીનો દગડી રસ્તા(જેને 'ગાડવા' કેહેછે)તે અહીયાચ છે આ ઈ સ. ૧૮૨૯રાવજી ત્રીંબક ચાદવડકર એમને બાંધયો એના આગળ પેશવાનુ કુંડ છે, અહીંયા મહાદેવની એક પીડી છે તેને સિંતોડા મહાદેવ કહેછે આ કુડમા વરૂણ, સાવિત્રી, ગાયત્રી, સરસ્વતી ને શ્રધ્ધા આ ગુપ્ત રીતથી આવી મળેછે આ કુંડનો નાશિકતરફનો ભાગ પેહલા બાજીરાવ પેશવા એમને પાસેના પટાગણાસહિત બાંધયો પચવટીતરફનો ભાગ કોલુલકર, ગાયચની અને ચિમા નાયકેણ એમને મળી બાધયો (આચ ચિમા નાયકેણીએ કાળારામની મુરતીની નિછવાડની પ્રભાવળ રૂપાની કરી આપી એવુ કેહેછે) એના પેલીબાજુ ખડોબાનું કુંડ છે તે ઈ સ ૧૭૯૫ મા કૃષ્ણરાવ ગંગાધર ઓક એમને બાંધ્યું તેથી એને ઓકનું કુંડ એવુ પણ કેહેછે આજુબાજુનુ પટાંગણ હાલ વે. રા. ગોપાળ જોશી ઓઢેકર એમને બાંધ્યુ છે આગળ મુક્તેશ્વરનુ કુંડ છે તે ઇ. સ ૧૭૮૮ માં મોરો વિનાયક દિક્ષીત એમને બાધ્યુ પચવટીતરફ અરૂણા નદીના કાંઠઉપર ઇદ્રકુંડ છે ગૌતમપત્નીની મહાપતિવ્રતા જે અહિલ્યા તેનાઉપર પાપદ્રષ્ટી રાખી કપટથી ઈદરે તેને ભ્રષ્ટ કરી. આ પાતકબદલ—

" योनिलंपट दुष्टात्मन सहस्त्रभगवान भव "

એવા દારૂણ તેને શાપ થઈ તેના સર્વાંગને ભગેંદરે પડી હતી તે આગળ આ કુંડમા સ્નાન કરવાથી ગઈ, આ કુંડનુ પાણી પિત્તાસાર અતિ ઉત્તમ છે

તપોવનાસંબંધી.

આ ક્ષેત્રના પૂર્વ ભાગતરફ આજમાસે પોણા કોસઉપર ગોદાતટાકી 'તપોવન' આ નામથી પુણ્યપાવન સ્થળ છે આ સ્થળનુ મહત્વ એમના નામમાત્ર ધ્વનિત થાયછે "તપસ્વાધ્યાયનિરત" એવા મહાન મહાન રૂષીના તપાનુષ્ટાનો આ ઠેકાણે ચાલતા હતા તેના સાક્ષીભુત હાલ કાઇ ગુહા આ ઠેકાણે ગોદાના કાઠઉપર ખડકમા ખણેલા છે પેહલુ આ સર્વ દંડકારંણ્ય હતું, અહીયા રાક્ષસનો ઉપદરવ બહુ, પણ વનવાસના નિમીતે શ્રીરામચંદ્ર એમનુ ઘણા દિવસ આ ઠેકાણે વાસ્તવ્ય થઈ તેમના હાતથી અહીયાના રાક્ષસોના સંહાર થયો. તેથી તેવખતથી રૂષીના તપ.ક્રિયામાટે આ નિરભય સ્થાન થયુ આસંબધે કહેલું છે કે—

नासिक यद्यपि रक्षसांगणैर्दूषितं भूषितं तथा ।
स्वर्गभूमी सद्दशं विराजते रामपाद रजसामुग्रहात् ॥

હાલ તપોવનમા એક મોટો જીર્ણ વટવૃક્ષ છે તેના છાયામા લક્ષમણજીનુ એક નાનુ સરખું મંદીર છતા પાસેજ તે પેહેલા અહીયા તપશ્ચર્યા કરતા હતા તે વખતની સાક્ષીભુત એવી ધુની અહીયા રાખી મુકવામા આવી છે. લક્ષમણે શુર્પનખાનો પુત્ર શબર એમનો વધ કર્યો તે વંશજાતી અને શુરપનખાનુ કરેલુ નાસિકાચ્છેદન એમના મુરતી રૂપથી ઇધાનીએ અહીંયા છે આ બાબતની કથા એવી છે કે નિ સામ ભકતીપ્રેમથી રામચંદ્ર સાથે લક્ષમણ અહીંયા વનવાસમા આવેલા હતા એક વખતે કંદમૂળ શોધાર્થ ફરતા ફરતા તે આ વંશજાળી પાસે આવ્યો. આ જાળીમાં શબર આ નગ્ન તપશ્ચર્યા કરતો બેઠેલા હતો લક્ષમણ ત્યાંહા ગયો તેજ વખત

તેની તપશ્ચર્યા પૂર્ણ થઇ તે તપનું ફળ જે તેને ત્રિભુવનને અજીંક્ય એવા કાલ ખડગની પ્રાપ્તી થવાની, તેની હતી. લક્ષમણ ત્યાંહા જવા તથા તે ખડગ આકાશમાર્ગે નિચે આવવા એકજ વખત હતો લક્ષમણે તે જોઈ સહજરીતે આનંદ પામી હાતમા લઇ તેનો તે જાળી ઉપર પ્રહાર કર્યો તેથી શબર ગતપ્રાણ થયો આગળ આપના પુત્રનો આવો વધનો સૂડ લેવાસારૂ લક્ષમણને કપટથી પ્રેમપાશમા નાખવાના હેતુથી શુરપનખા સુંદર સ્ત્રી વેષથી આવી આ તેનું કપટ રામચંદ્ર તરફથી લક્ષમણને સમજી આવતાજ તેને તેચ ખડગથી તેનુ પણ કર્ણનાસિકાચ્છેદન કર્યું

અહીના ગંગાના પાત્રમા હસ્તીં સરખા એ પ્રચંડ ખડકમા ગંગાના પ્રવાહની એક ઉંડી દરો પડીછે આ દરોમા પાણીનુ થાગ લાગતો નથી. એવુ કેહે છે. એને બ્રહ્મયોની એવી સગ્યા છતાં પેહેલા સંન્યાસી યોને અહીયા જીત સમાધી દેતા હતા આ દરોના પૂર્વ બાજુ તરફ કપીલ નામનુ મુખ્ય તીરથ છે તે બદલ વિશેષ માહિતી આગળ આપી છે. આ તીરથના પુરવ એક ઉચ શિખર ઉપર પ્રસિધ પૈઠણ‍કર મહા સાધુ એકનાથ મહારાજ એમની પાદુકા કોઈ ભક્તજનોએ સ્થાપન કરી તે ઉપર નાનુ દેવાલય બાંધયુ છે દર વરસે ફાગણ વદી ૬ છઠ (નાથ છઠ) ના દાહાડે અહીયા નાનો ઉત્સવ તથા અન્નદાન વિગેરે થાયછે પાછળ કેહેલા લક્ષુમણના મંદીરને ઈનામી જમીન છે, તથા તેની સર્વ વ્યવસ્થા રામાનુજ પંથી આચાર્યતરફ છે. તપોવનના પશ્ચમ ભાગમા ગોસાવી તથા બૈરાગી એમની વસ્તી ઘણી છે જત્રાનિમિત્ત અહીયા આવનારા પરમ ભાવિક તથા દાનશૂર ભાટે વિગેરે લોકોએ ધર્મશાળા તથા મંદીરો બાંધી ખરચસારૂ ઈનામી જમીનીપણ કરી આપેલા છે. એક રામનુ દેવાલય તથા લક્ષુમીનારાયણનું મંદીર ઘણુંજ સારૂ થયું છે. દેવળના આસપાસ ચોફેર ધર્મશાળા બંધાવીયા છે, તેમાં બૈરાગી લોકો રહે છે. આ બૈરાગયોના ગુરૂ કીંવા તેમાના પ્રમુખ મહંતનણ અહીયાજ રેહેછે. જોવાસારૂ આવનારાઓને હાલ આ દેવદર્શનો સહજ થાયછે.

શ્રી કપિલ મહામુનીની યોગ્યતાસંબંધે ભાગવતમાં બહુ મોટું વર્ણન છે. સાક્ષાત ભગવાન શ્રી વિષ્ણુએ દેવહુતીના ઉદરે અધ્યાત્મજ્ઞાનન

ઉધ્ધારસારૂ આ એક મહા બ્રહ્મનિષ્ટનો અવતાર લીધો હતો. એટલસારૂ યાજ્ઞવલ્કય, શુક. દત્તાત્રય એમનાજેવી તેમની બ્રહ્મજ્ઞતા અસામાન્ય હતી. એક વખતે ગોદાવરી નદીના કાંઠે આ તપોવનમાં આવીને તપ કરતા હતા અને એજ વખતે " વેન " નામનો પ્રજાપાલક મહાદુષ્ટ રાજા અવતર્યો હતો ઉન્મત થઇને બ્રાહ્મણના છળ કરવાને એમને આરંભ કર્યો. યજ્ઞદાનાદી ધર્મકર્મનો નાષ કર્યો તેથી અાવરષણાદી સંકટો આવી હાહાકાર થયો. લોકો કેહવા લાગ્યા કે —

अहो उभयतः प्राप्तं लोकस्य व्यसनं महत्
दारुण्य भयतो दीप्ते इव तस्कर पालयोः

એટલે, હવે શું કેહવુ, જે પ્રમાણે લાકડુ બન્ને બાજુથી બળે, એવી રીતે અમો બધા પ્રજાજનો. એક બાજુએ ચોર અને એક બાજુએ અમારો પાલક રાજા એ બન્નેના તાપને પાત્ર થયા છીએ અતે "વેન"નો આચરણનો પરીણામ લોકોને અત્યત અસાહ્ય થયાથી વામદેવાદિ રૂષી એકત્ર થઈ, તેમણ કેવળ આપના હુંકારથી "વેન" રાજાને ગતપ્રાણ કરી મુકયો આગળ કેટલાક દાહડા રાજા નહી એવી અરાજક સ્થિતી થઈ તે પણ ખોટું ત્યારે આ રૂષી કપિલ મહામુની તરફ જઇ આગળ શું કરવુ એમ તેમને કહી પુછવા લાગ્યા કપિલ મુનીએ "વેન" રાજાનુ શરીર મથન કરવા કહ્યુ તે પ્રમાણે રૂષીઓ "વેન" ના જાગનુ મથન કરતાચ જેનો રંગ કાગડા જેવો છે, જેના હાત પગ બહુજ ટુંકા અને હનુવટી મોટી છે તથા નાક ચેંડુલું આંખ્યો લાલ, ગાલ લાલ એવો એક પુરૂષ ઉત્પન્ન થયો. નિપજતાચ " હુ શું કરૂ " એવુ તેને રૂષીને પુછ્યું. તેને "વેન" રાજાનું આ ભયંકર પાતક મુર્તીમત નિપજેલું જોઈ "નિષીદ" બેસ એવુ તેને કહ્યુ તે ઉપરથીજ તેનુ તથા તેના વંશજોનું નામનિષાદ (ભિલ્લ) એવુ પડ્યુ તાર, પછી રૂષીએ "વેન" ના જમના બાહુનું મથન કર્યું તે વખતે સર્વ ગુણસંપન્ન અને મહાપરાક્રમી એવો પૃથુ રાજા તથા અર્ચિ નામક તેની સ્ત્રી એવી ઉત્પન્ન થઈ તે વખતે સર્વ દેવ આવી પૃથુને શસ્ત્રઅસ્ત્ર આપ્યા એ આગળ બલવકીક સામર્થ્યવાન થયો. એને પ્રાણીમાત્રના હીતમાટે તેને

દિવ્ય ઔષધી આપવામાટે પૃથ્વીની પ્રારથના કરી. પૃથ્વીએ તેની પ્રારથના પ્રથમ સાંભળી નહી, તેવખતે તે તેનુ પારિપત્ય કરવા તયાર થયો. પછી રૂષી તથા દેવ આ મધ્યસ્થ થઇ પૃથ્વીએ ગોરૂપ ધારણ કરવુ અને પૃથુએ તેનું દોહન કરી ધાન્યાદી વનસ્પતીરૂપ દુધ કાઢી લેવું એવું ઠરયુ, તેવખતે પૃથ્વીએ પૃથુ રાજાને કહ્યુ કે હે નરપતે જગમા યજ્ઞયાગાદીકનો ઉછેદ કરનારા દુષ્ટ લોક ઘણા થયા અને બ્રહ્મદેવે જે ઔષધી કર્યા તેના તે અધમ ઉપભોગ લેછે એવુ મને જણાઇ આવ્યુ. રાજા લોક મારૂં યોગ્ય પાલન નહી કરતા જેવા થયા અને યજ્ઞયાગાદી કર્મ બંદ પડયા તેથી ઔષધીનો યોગ્ય ઉપયોગ થતો નહી તેથી આગળ યોગ્ય પ્રસંગે તે ઉપ- યોગમા આવે તે સારૂ મે ગ્રાસો નાખ્યા છે આ વાતને ઘણો કાળ વીતી ગયાથી મારા પેટમા હાલ તે બહુજ ક્ષીણ સ્થિતિમા છે તૂ હવે યોગ્ય ઉપાયોની યોજના કરી તેને બહાર કાઢ હે વીરા, જેના તરફ જોતાજ મને પ્રેમનો ઉભાળો આવે એવો એક વત્સ તૈયાર કર અને દુધ દોહવા વાસણ તૈયાર કર. તે વત્સને વાસણને યોગ્ય એવુ દુધ હુ તને આપી તારી સર્વ ઇચ્છા પૂર્ણ કરીશ એવુ કહ્યા પછી પૃથ્વીએ કપિલા ગાઇનુ રૂપ ધારણ કરી તે કપીલ મહામુની આગળ જઇ ઉભી રહી અને ત્યાહા પૃથુએ મનુને વત્સ કરી આપણા હસ્ત રૂપી વાસણમા તેનું દોહન કર્યું. આ પ્રમાણે બીજા દેવ, દૈત્ય, રુષી, પિતર, સિધ્ધ વિગરે એ આપનામાથી એક શ્રેષ્ટ વ્યક્તાને વત્સ કરી યોગ્ય વાસણમાં તેનું દોહન કર્યુ અને આપણને જે જે જોઇએ તે તે વસ્તુ તેમાથી કાઢી લીધા આ દોહન ક્રીયેમા અવશેષ દુધધારા રહેલી તે પ્રવાહરૂપથી ગોદાવરીને, મળયો છે. તેજ કપિલાસંગમ તીર્થ કેહવાય ત્યાહા સ્નાન, દાન કરયાથી સર્વ પિતૃગણ ઉદ્ધરી જાયછે, ત્યાહા ગોપ્રદાનનુ પુન ઘણુજ મોટું છે. તીરથનો ભાગ નકાશામા બીજી તરફ બતાવ્યો છે આ ઠેકાણુની વૃત્તી અમારાતરફ એટલે શ્રીધરભટ બીન નારાયણભટ મહાશબ્દે એમના વંશજોતરફ છે. રા. રા નારાયણ ખંડુજી પારખ મુખત્યાર વકીલ નાસીક, એમણે અમોને બક્ષીસ આપી છે

ઇતર કીરકોળ માહિતી.

૧ **ભટજીનો મઠ**—આ સરે ૭૫ વર્ષ પેહેલાં રઘુનાથભટજી કરીને અહીં એક મહા સાધની સિધ્ધ પુરુષ થઇ ગયો એમના બહુ ચમત્કાર કેહવામા આવે છે આપના શરીરનું હીત એમને લગીર શરીર ઉપરની ખાબળીમા કાઢી તેને નાચવવા કહ્યુ હતુ આ યોગનિષ્ટ હતા. એમની ઔષધ ક્રિયા ઘણી સારી હતી પાસેનો ઘાટ એઓજે એમને ઇ. સ. ૧૮૦૮ મા બાંધ્યો ત્યાંહા શિવાલય છે. તે ઇ. સ ૧૮૨૦ મા પુનાના બાજીરાવ નાનુ એમને બાંધ્યુ દેવાલયનુ આગળનો મંડપ ઇ સ. ૧૮૪૫ મા નારાયણરાવ પમાજી પોતનીસે બાંધ્યો.

૨ **શંકરાચાર્યનો મઠ** પચવટીમા છે ઇ સ ૧૭૨૦-૪૦ ના આરસામા એટલે પહેલા બાજીરાવ સાહેબના કારકિર્દીમા શૃગારીના ધર્માધિપતી શ્રીમત સચ્ચિદાનંદ શંકરાચાર્ય આ અહીં રેહવા આવ્યા હતા આગળ અહીં તે સમાધિસ્થ થયા એમના શિષ્ય બ્રહ્માનંદ સ્વામી તેપણ અહીં એક મહીના પછી સમાધિસ્થ થયા બન્નેની સમાધ આ મઠમા જોડે જોડે છે આ સમાધીઓ તથા દેવાલય સવાઈ માધવરાવ એમને ઇ સ ૧૭૭૪ મા બાંધ્યુ દરવાજાઉપરના મેડો તથા પડનાળો નાના ફડણીસે બાંધ્યા અને પાછળનો મઠ નારો શંકર એમને બાંધ્યો. આ મઠને તિપળનેરથી પાચશે રૂપીઆ ઇનામ છે શિવાય સરકારી નિમણુક સાલીના ૨૮૮ બસો અઠ્યાસી રૂપયાની છે.

૩ **સ્વામી નારાયણનો મઠ** સોમવાર પેઠમા છે. સ્વામીએ એના અંદર જીવતી સમાધ લીધી છે.

૪ **શેણવીનો મઠ** સરકારવાડાપાસે છે. શેણવીના જગતગરૂ જે કારવાર તરફ રેહેછે તેમનો આ મઠ છે. એની સર્વ વ્યવસ્થા એમના કારભારીમારફત ચાલેછે.

૫ **અજગર બાવાનો મઠ** કપાલેશ્વર સામે છે. અમૃતરાવ શિવદેવ વિંચુરકર એમને બાંધ્યો. એક કનોજા જાતનો બ્રાહ્મણ બાળક-

રમાં ખારગીર પૈસાથી હતો આગળ એને વીરકતતા ઉત્પન્ન થઈ તેને આ
આશ્રમ બાંધયો. તેમાંજ છેવટે સમાધી લીધી ખર્ચ રૂપીઆ ૫૦૦૦
પાંચ હજાર લાગ્યો આ સાધુ અજગર વૃત્તીથી રેહતો હતો તેથી તેને
અજગર બાવા આ નામ પડયુ એક વખતે પાસેના હળગાયેલા ધુનીમાં
એનુ અરધું શરીર બળતું આવ્યુ તો પણ એ આપના સ્થાનથી ઢળયો
નહી. આ મઠમાં એક શિવબાણ છે તે ગંગા, ચંદ્ર, ગણપતી,
જનોઈ એટલા લક્ષણથી યુકત અને સારો છે

૬ કેશવ મહારાજનો મઠ અહી એ એક સિદ્ધ પુરૂષ થઇ ગયાં.
રઘુનાથ ભટજીના સરખા ઉમરના તથા તેમનાજ અનુગ્રહી હતા એ-
મનો મઠ પંચવટીમા કાળા રામના ઉત્તર દરવાજા સામે છે ઇ. સ.
૧૮૪૬ માં ભયકર કોગળીયાનો ઉપદ્રવ હતો, તેમાંજ તેજ બીમારથી સ-
માધિસ્થ થયા આ શોચેના ઘરાણાપેકી હતા જનોઈ આપતાસુધી
આ ઘેર હતા જનોઇ આપતાજ આ ઘરમાથી બહાર નિકળી રામકુંડ
ઉપર પિંડ ભક્ષણ કરી નિરવાહ કરી, એવા અલ્પ વયમાં સાધનસ્થિતીથી
ઉન્મત વૃતીમા રેહતા હતા હાતઉપર મેહલ્લાઇવી પથર ભાગી ખાઇ
નાખતા હતા

૭ કાર્તિક સ્વામીનો મઠ, આસરે વીસ પચીસ વર્ષ પેહેલા
કાતાપુરુસિટી આવ્યા એમને આ બાંધયુ એક મુખી કારતીક સ્વામીની
મુર્તી અહીંયા છે ત્રણ ચાર પાત્રનું અહીયા છત્ર છે. તેશિવાય
વીળબાડેશ્વરના આજુબાજુ પુર્વ પશ્ચિમ અને દક્ષિણ આ બાજુએ
અનુક્રમથી વિઠોબા, નરસિંહ અને દેવીનો એવા ત્રણ મઠ છે. તેમજ
નિળકંઠેશ્વરના પછવાડે અગામ દારનો મઠ છે.

૮ કપુરથળાની છત્રી તથા ધર્મશાળા, પેશવાના પટાગણપાસે
છે કપુરથળા સંસ્થાનના શીખ રાજે રણધીરસિંગ મહારાજ આ ઇ.
સ. ૧૮૭૦ મા વિલાયતમા જતા રસ્તામા એડનમા દેવલોક પામ્યા,
તેમની રક્ષા અહીંયા મુકી તેનાઉપર સુંદર છત્રી બાંધી છે. ખર્ચ
રૂપીયા ૧૨,૬૧૦ લાગ્યા છે. પાસે કોટઉપર દગડી ધર્મશાળા છે. તેનો

ખર્ચ ૧૪,૬૯૦ થયો. એમા રામ લક્ષીમણ સીતા તથા ગોદાવરીની મ્યાન મુરતી છે.

૯ એશવંતરાવ મહારાજની છત્રી, ગંગાનદીના પાત્રમાં રામેશ્વરના પાસે છે. પ્રસિધ્ધ સાધુ દેશમામલેદાર એમનો અહીંયા ઈ. સ. ૧૮૮૭ મા વૈકુંઠવાસ થયો, તેવખતે ભકતમંડળે પંધર વીસ હજાર રૂપીઆ ખર્ચ કરી આ છત્રી તથા પટાંગણ વિગેરે બાંધ્યું. પાસેની નરસિંહ મંદીરની જગો રામચંદ્ર મોરેશ્વર વેશંપાયન વકીલ એમને આપી,

૧૦ દશનામી અખાડા, આ ગોસાવીનો છે પંચવટીમા કાળારામના દેવાલયપાસે ઈશાન્ય દિશાએ છે.

૧૧ ચાર સંપ્રદાયનો અખાડો, આ અખાડો બૈરાગીઓનો છે. બૈરાગીઓમાં ગીરી, પુરી, તીર્થ તથા ભારતી એવા ચાર સંપ્રદાય છે. આ પંચવટીમાંના વિઠોબાના દેવળમા છે.

ઇમારતી.

૧ અહીં આ કેટલાએક વાડા ઘણાજ મોટા તથા ઉતમ નકશીના કામના છે આ વાડા ઇ સ ૧૮૦૨ મા જે મોટા દુષ્કાળ પડયો હતો કે જે વખતે એક રૂપીવાને એક શેર અનાજ અહીંયા વેચતું હતું તે વખતે ગરીબોનુ રક્ષણ કરવાના હેતુથી એપતદાર લોકોએ બાંધેલા એવું કેહે છે. બાજીરાવ પેશવાના ગોર દેવરાવ હિંગણે એમને દિલ્લી તરફથી મુસલમાન કારાગીર લાવી આ વાડાનું નકશીનું કામ કરાવી લીધું એવું કેહવાય છે.

૧ રામજી કાસારનો વાડો આ પારસનાથ દેવળ સામે છે.

૨ હિંગણેનો બદકાળી આગળ છે (હવે તે બહુકરી બધો પડવા આવ્યો છે.)

૩ બાબાજી ઠાકોરનો વાડો તીવન્દામા છે.

૪ મહાદેવશેઠ ક્રોનસરનો વાડો નાવ દરવાજા પાસે છે.

૫ મહાદેવ ઠાકોરનો વાડો ડિંગર ફળીયામા છે

૬ શ્રીપત ઠાકોરનો વાડો બુધવારમાં છે.

૭ આ શિવાય બીજો પેશવાનો વાડો પુલ ઉપર છે. શેવટના બાજીરાવના કારકીરદીમા આ બાંધવા સરૂવાત થઈ એનુ કામ અધુરૂં રહ્યું છે.

વચલા ફળીયાને માતબર પુરો કેહતા હતા કારણ આ ફળીયા-માં મોટ મોટા શ્રીમંત લોકોના વાડા ઘણા છે.

હુંડીવાલાનો વાડો અહીયા પ્રસિધ્ધ દયારામ આત્મારામની પેઢી હતી.

કાકીરડેનો વાડો સિ દે એમના ગોર કાકીરડે એમને બાદશા એમનં પેલી તરફ ભંડારીનો વાડો સામે નંદીરવાડકરનો વાડો ખાંડવાનં ગણપતી પાસે કોતુલકરનો વાડો છે એની બાંધણી કેવળ કીલ્લા સરખી મજબુત છે. હાલ મલ્હારદરવાજા તરફ કોર્ટ સારૂ સરકારી ઈમારત થાય છે. તે જોવા જેવી છે તેમજ દીપચંદ ન્યાહલચંદ એમનો બંગલો તથા આજુબાજુનો બગીચો શોભા ભરેલો છે. તેજ પ્રમાણે કૈલાસવાસી બાપુ-સાહેબ કેતકરનું સ્મારક માટે સાર્વજનિક વર્ગણીથી અહીંયા એક ટાઉન હૉલ તયાર છે.

અન્નછત્રે.

૧ પંચવટીમા શેટ ઠાકુરદાસ ખત્રી એમનું રાનીના દેવાલય પાસે સંન્યાસીઓ માટે અન્નછત્ર છે.

૨ ચાંદવડકરના ફળીયામાં સિ દેસરકારનુ પોણાસો પાનનું એક અન્નછત્ર છે.

૩ શંકરાચાર્યના મઠમાં રોજ પાંચ પાત્રનું અન્નછત્ર છે.

એસિવાય ગોસાવી, બૈરાગીમાટે શેઠ ખીમજી ભગવાન એમનું પાંચાસો મુરતીનું તથા શેઠ વીરજી નથુ એમનું પાત્રીસ મુરતીનુ તથા શેઠ કડકાજી ડોંગરસી એમનું વીસ મુરતીનું તથા હાથીઓવાના ધર્મશાળામા શેઠ હરીદાસજી એમનુ પચ્ચીસ મુરતીનુ અનછત્ર છે એસિવાય બાલાજીમાં, કપુરથળાની ધર્મશાળામા તથા પંચવટીમાં કાંઇ ધર્મશાળામાં સદાવર્તો મળે છે.

પાંજરાપોળ, મહારાજ અખંડાનંદ બ્રહ્મચારી તથા મહારાજ હરીરામ ભગવાનદાસ વ્યાસ તથા શેટ છગનમલ ચંદ્રભાન એમને ખટપટ કરી આંધળા, પાંગળા, લુલા જનાવરોમાટે અહીંયા પાંજરાપોળની સ્થાપના શકે ૧૮૦૧ મા અહીંના ક્ષેત્રના પ્રમુખ વ્યાપારી તથા સતગૃહસ્થો અને મુબઈના ધાર્મિક ભાટે મંડળી એમના સાહાથી કરી, ભડકદરવાજા-પાસે આ સંસ્થાની સ્વતંત્ર ઇમારત થએલી તેમા દીન અનાથ જનાવરો આજમાસે બસો અડીચસો છે શેટ ધારસી લવજી કાપડના વ્યાપારી આ સસ્થાના સેક્રેટરી આ નાતની વ્યવસ્થા જોવેછે રા બા ગણેશ પાંડુરંગ વૈદ્ય સરકારી વકીલ આ અધ્યક્ષ છે. રા. રા રઘુનાથ મુઠે આ ઉપાધ્યક્ષ છે. તેમજ શેટ અમોલક કેવળચદ નિમાની (બ્યાકર) ખજીનદાર છે.

સંસ્કૃત શાળા અહીયા ત્રીસ પાત્રીસ વર્ષે છે. હાન હીંગણેના વાડામા છે બીજી એજયુ શાખાની વેદશાળા નીન્હવામા લીમડીના મહારાજ એમના આશ્રયથી ચાલેલી ધોંડો મહાદેવના વાડામા છે. સાર્વજનીક પુસ્તકવાચનાલય ઇ. સ. ૧૮૪૦ મા અહીયા સ્થાપન થઈ. બીજી પંચવટીમા ભાટે જ્ઞાતીય ધરાણાના શ્રીમતી નયનબાઇ તથા માનબાઇ એમને આપના ધર્મશાળામા નારાયણજી પુસ્તકાલય આ નામથી શરૂ કરયું છે, આ કેવળ ધર્માર્થ વાચનગૃહ છે

ધર્માર્થ દવાખાના, શા૰ નારાયણદાસ ઠાકરસી મુળજી એમના કે૰ વેલીબાઈ એમનું સ્મારકમાટે ઈ સ ૧૮૯૦ મા પંચવટીમાં આ દવાખાનું ચાલુ થયુ છે. સવારે સાત તે દસ તથા બપોરે ચાર તે છ

જમતાંસુધી આ ખુલ્લું રેહેછે. આ ક્ષેત્રમા જાત્રામાટે આવનાર બૈરાગી, સાધુ વિગેરે લોકોનામાટે વિશેષેકરી આ સ્થાપન કરયું છે. ખ્રીસ્તી મીશીનરી બાઈ મીસ હરવે એમને ઈ. સ. ૧૮૯૮ સાલથી અહીંયા મહારોગના દરદીઓમાટે સ્વતંત્ર એકબાજુએ વસતીસ્થાન કાઢી તેમના ધરમાર્થે સેવ કરી મુકી છે. અહીંયા આસરે પચાસ પોણાસો દરદીઓ રેહેછે. હાલ એમનામાટે કારટચા મારૂતીપાસે જગ્યા બાંધી છે. પ્રથમત: સર દિનશા પેટિટ એમને સવા બસો રૂપીઆ તથા મે॰ સિલકાટ સાહેબ એમને સો રૂપીઆ તેમજ મુબઈના ધારમીક બાટે ગૃહસ્થો એ મળી આ સંસ્થાના ફંડની ઉભારણી કરી છે.

જાત્રા, ઉત્સવ વિગેરે.

૧ ચૈત્ર માસમા રામનવમીનો ઉત્સવ અહીંયા મોટા થાયછે. તારપછી ચૈત્ર શુ॰ ૧૧ ના દિવસે રામનો રથઉત્સવ થાયછે, તેસારૂ ગામોગામના હજારો જાત્રા આવેછે.

૨ વૈશીખમા આખાતીજના દિવસે ગગાઉપર બન્ને તીરઉપર બ્રાહ્મણ તથા ઇતર જાતના પુરૂષો ભેગા થઇ તેમના ફેર તેમજ બીજાપણ કંઇક પુરૂષોમા થટ્ટામશ્કરીઓ થાયછે. આ પ્રકાર જોવાનામાટે હજારો લોક ભેગા થાય છે.

૩ જેષ્ટ માસમાં તરખડકરના ગગામંદીરમાં તથા નીળકંઠેશ્વરના પછવાડના ગંગામદીરમા દશહારનિમિત દશ દિવસ ઉત્સવ થાયછે.

૪ શ્રાવણ માસમા મુરલીધરના દેવાલયમાં ગોકળ આઠમનો ઉત્સવ થાયછે. દરેક સોમવારે અને શ્રાવણી સોમવારે તીળભાંડેશ્વર તથા કપાલેશ્વર એમની પાલખીઓ મોટા સમારંભથી નિકળી ગંગાઉપર નાવાંનામાટે આવેછે.

૫ આસો માસમાં ભદ્રકાળી અને શ્રીબાલાજીમાં નવરાત્રીનો ઉત્સવ બહુજ મોટો થાયછે.

૬ કાર્તિકમાં વૈકુંઠચતુર્દશીના દીવસે સુંદરનારાયણનો ઉત્સવ થાયછે. બ્રાહ્મણ ભોજન ઘણા થાયછે. ત્રિપુરી પુનમે નીળકંઠેશ્વર, કપાલેશ્વર આ દેવળમાં રોષણાઈ સારી થાયછે તથાપુજા બાંધવામા આવેછે.

૭ માગસરમા ચંપાછટના દિવસે ખંડોબાની જાત્રા મોટી ભરાયછે. વદ અગીઆરસના દીવસે એશવંતરાવ મહારાજની જત્રા સારી ભરેછે. ગામોગામના હજારો લોકો આવેછે.

૮ પુસમાં સક્રાતના ફરના દિવસે શહરમાના બધા જાતના હજારો સુવાસીની બાઈરા સીતાબાઈને તળ આપવા પંચવટીમા રામમંદીરમા ભેગા થાયછે. તે મેળો જોવા જેવો રેહેછે.

૯ માઘ માસમા રામકુંડઉપર શ્રીગોદાવરીનો દસ દહાડા ઉત્સવ થાયછે. મહા શિવરાત્રનિમિત હજારો જત્રાવાળા અહીંયા આવેછે

આસિવાય ચંદ્ર સુર્ય ગ્રહણો, અર્ધોદય, મહોદય, સોમવતી, અધિક માસ આ પરવણીઉપર હજારો જત્રાકરો અહીંયા આવેછે અહીંથી લગભગ દોડ ગઉ ઉપર મસરૂળ કરી ગામ છે ત્યાંહા સીતાસરોવર નામનું તીર્થ છે. પુસમાસના દર રવીવારે સ્નાન દાન કરવાસારૂ હજારો જત્રા ત્યાહાં જાયછે

૧૦ ફાગણ વદમા એટલે રંગપાચમબાદ બુધવારે સાદકશાહા હુસેની એમના દરગામાં મોટા ઉત્સવ થાય છે અને સરકારી નિમણુક છે. દરએક અગીઆરસના દિવસે કાળા રામની તથા ગોરા રામની પાલખીઓ નિકળેછે.

આપ્રમાણે આ ક્ષેત્રની તથા તત્સંબંધી તીર્થ વિગેરેની માહેતા છે. આ બધાનું મહાત્મ્ય છેવટે સારાંષથી કેહવાનું છે એટલે :—

गोदाजलेन सद्दशं न जलं पृथिव्यां ।
श्रीराघवेन सद्दशो आस्ति परो न देवः ॥
श्रीक्षेत्र नासीकसमं न पुरं पृथिव्यां ।
मोक्षास्पदं भूविसमं नहि पंचवट्या ॥

શ્રીધર નારાયણ મહારાજદે,

અ૦ માસ્તર.

સમાપ્ત